RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 340 * Date: 30.09.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# અમેરિકામાં 'સરકારી શટડાઉન'નો ભય, ટ્રમ્પના પક્ષ રિપબ્લિકન અને ડેમોક્રેટ્સ વચ્ચેની તણાવભરી સ્થિતિ



અમેરિકામાં જરૂરી સેવાઓ સ્થગિત થઈ જવાનો ભય સર્જાયો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટ્સ વચ્ચે આરોગ્ય સંભાળ, સરકારી ખર્ચમાં કપાત અને ભંડોળની પ્રાથમિકતાઓને લઈને તીવ્ર મતભેદ ઊભા સર્જાયા છે. ૩૦ સપ્ટેમ્બરની પૂર્વનિર્ધારિત અંતિમ તારીખ નજીક આવતા, લાખો સરકારી કર્મચારીઓની નોકરી જોખમમાં મુકાઈ રહી છે. જો છેલ્લી ક્ષણે કોઈ સમજૂતી ન થઈ તો દેશભરમાં જરૂરી સેવા એટલે કે ગવર્મેન્ટ સર્વિસ રાતોરાત બંધ થઈ જશે. આ સમસ્યાનું મૂળ કારણ એ છે કે સરકારનું નવું નાણાકીય વર્ષ ૧ ઓક્ટોબરથી શરૂ થાય છે. આ માટે અમેરિકાની સંસદે સપ્ટેમ્બરના અંત સુધીમાં ભંડોળ બિલ પસાર કરવું જરૂરી છે. પરંતુ હાલ રિપબ્લિકન અને ડેમોક્રેટ્સ વચ્ચે ભારે મતભેદ છે. રિપબ્લિકન-નિયંત્રિત હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે એક બિલ પસાર કર્યું છે, જ્યારે ડેમોક્રેટ-બહુમતી ધરાવતી સેનેટે તેને નકારી કાઢ્યું છે. આ સ્થિતિમાં સરકારી કામકાજ અવરોધાઈ ગયું છે.

તાજેતરમાં ટ્રમ્પે ડેમોક્રેટ નેતાઓ સાથેની મહત્ત્વની બેઠક રદ કરતાં આ તણાવ વધુ ગંભીર બન્યો છે. ટ્રમ્પે આરોપ લગાવ્યો છે કે ડેમોક્રેટ્સ 'અગત્યની ન હોય એવી' માંગ કરી રહ્યા છે. તેના જવાબમાં ડેમોક્રેટ્સનો આક્ષેપ છે કે, ટ્રમ્પ અને રિપબ્લિકન્સ ઈરાદાપૂર્વક સરકારને બંધ તરફ ધકેલી રહ્યા છે. રિપબ્લિકન્સ આ માંગને 'અવાસ્તવિક અને ગેરવાજબી' ગણાવીને નકારી ચૂક્યા છે. તેઓ દલીલ કરે છે કે આ મુદ્દાને સરકાર ચલાવવા સાથે સીધો સંબંધ નથી.આ તણાવભરી પરિસ્થિતિ સરકારી કર્મચારીઓ માટે ચિંતાનો વિષય બની રહી છે. ટ્રમ્પ સરકાર ફેડરલ કર્મચારીઓની સંખ્યા ઘટાડવાની વ્યાપક યોજના બનાવી રહ્યું છે. મુલતવી રાખેલા રાજીનામા કાર્યક્રમ હેઠળ ૧,૦૦,૦૦૦થી વધુ કર્મચારી રાજીનામું આપવા તૈયાર છે. આ ઉપરાંત હજારો કર્મચારીઓને સીધેસીધા કાઢી મૂકાશે. અંદાજ છે કે આ વર્ષે કુલ ૨,૭૫,૦૦૦ કર્મચારીની સંખ્યા ઘટશે, જે ૧૯૪૦ના દાયકા પછીનો સૌથી મોટો ઘટાડો ગણાય છેઆ કંઈ પહેલીવારનું નથી જ્યારે ટ્રમ્પના રાજમાં સરકારી સેવાઓ સ્થગિત થવા જઈ રહી હોય. અગાઉ ૨૦૧૮માં ટ્રમ્પના પહેલા કાર્યકાળમાં થયેલો ૩૪ દિવસનો સરકારી બંધ આધુનિક ઈતિહાસમાં સૌથી લાંબો બંધ ગણાય છે. એના કારણે ૮ લાખ કર્મચારીને અસર થઈ હતી.સરકારી બંધની રાજકીય કિંમત ચૂકવવી પડતી હોય છે, કેમ કે આવી પરિસ્થિતિ માટે જવાબદાર ગણાતા નેતાઓને મતદારો આગામી ચૂંટણીઓમાં સજા કરવાનું વલણ ધરાવે છે. જોકે, પોતાના પક્ષ રિપબ્લિકનનું આધારભૂત સમર્થન હોવાને કારણે ટ્રમ્પ આ મુદ્દે સમાધાન કરવાના મૂડમાં હોય એવું લાગતું નથી. શટડાઉનનો આ મુદ્દો એક વિસ્તૃત રાજકીય સંઘર્ષનો ભાગ છે. ટ્રમ્પે તાજેતરમાં અન્ય વિવાદાસ્પદ નિર્ણયો લીધા છે. જેમ કે ઓરેગોનમાં ફેડરલ સૈનિકોની તહેનાતી, જસ્ટિસ ડિપાર્ટમેન્ટમાં દખલગીરી અને જન્મજાત નાગરિકત્વને પડકારવા જેવા પગલાં. જેને લીધે આ બધું એક વ્યાપક રાજકીય લડાઈનો ભાગ લાગે છે.

## મતભેદના મુદ્દા કયા કયા છે?

**આ સંકટના કેન્દ્રમાં બંને પક્ષોની વિરોધી પ્રાથમિકતા રહેલી છે, જે નીચે મુજબ છે.**

**- ડેમોક્રેટ્સ ઈચ્છે છે કે લાખો અમેરિકનોના આરોગ્ય વીમા ખર્ચમાં સહાય કરતી સબસિડી ચાલુ રહે.**

**- તેઓ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલી મેડિકેડ કપાતને પણ પાછી ખેંચવા માંગે છે.**

**- જાહેર મીડિયા માટેનું ભંડોળ પણ તેમની માંગનો ભાગ છે.**

# મહીસાગર: વીરપુરમાં ગરબા રમવા ગયેલા દલિત મહિલા સાથે ભેદભાવ, ૪ સામે ફરિયાદ, પોલીસ પર નામ દબાવવાનો આરોપ




નવરાત્રિના પાવન પર્વ પર લોકો આસ્થાભેર ગરબામાં જોડાય છે. તેવામાં મહીસાગરના વીરપુર તાલુકાના ભરોડી ગામમાંથી એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. જ્યાં દલિત મહિલાઓ ગરબા રમવા જતાં જાતિવાદી માનસિકતાનો શિકાર બની હતી. ભરોડી ગામમાં દલિત સમાજની મહિલાઓને જાતિભેદના કારણે ગરબા રમવા દેવામાં ન આવતા વિવાદ સર્જાયો છે. આ મામલે વીરપુર પોલીસ સ્ટેશનમાં ૪ મહિલાઓ વિરુદ્ધ ફરિયાદ પણ નોંધવામાં આવી છે. જ્યારે ક્ષૈંઈમાં એ આરોપી સરપંચના પરિવાર સહિતના લોકોના નામ ન નોંધ્યા હોવાનું પીડિતાએ આક્ષેપ કર્યો છે.મળતી માહિતી મુજબ, વીરપુર તાલુકાના ભરોડી ગામમાં નવરાત્રિ દરમિયાન દલિત સમાજની મહિલાઓ ગામના સાર્વજનિક ગરબા મંડળમાં ગરબે ઘૂમવા ગઈ હતી. પરંતુ તેમને ગરબા રમવા દેવામાં ન આવ્યા. એક ચોક્કસ સમુદાયની મહિલાઓ દ્વારા જાતિવાદનો ભેદ રાખી દલિત મહિલાઓ સાથે ભેદભાવ કરવામાં આવ્યો હતો, જેના કારણે ગરબા બંધ થઈ ગયા હતા.આ ઘટના બાદ દલિત સમાજની મહિલાઓ અને યુવકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જ્યારે દલિત મહિલાઓ ગરબા રમવા જતાં અન્ય કેટલીક મહિલાઓએ તેમને બહાર કાઢીને મારામારી કરી હોવાનું સામે આવ્યું છે. દલિત મહિલાઓ આક્ષેપ કર્યો છે કે, અન્ય સમાજની મહિલાઓએ અમને ધમકી આપી કે, હવે અહીં ગરબા રમવા આવશો તો જીવતા નહીં જવા દઈએ. જેમાં આરોપીઓએ જાતિ વિષયક શબ્દોનો ઉપયોગ કરી દલિત મહિલાઓને અપમાનિત કરી હતી. આ સમગ્ર ઘટના બાદ ફરિયાદી રિંકુબેન વણકરે ૧૧૨ નંબર પર પોલીસને જાણ કરી હતી, પરંતુ તેઓએ પોલીસ પર મદદ ન કરવાનો આરોપ લગાવ્યો છે. આખરે, દલિત સમાજની મહિલાઓ જાતે જ વીરપુર પોલીસ સ્ટેશન પહોંચી અને પોતાની આપવીતી જણાવી હતી. આ મામલે લોમાબેન પટેલ, રુષ્ટિબેન પટેલ, રોશનીબેન પટેલ અને મીનાબેન પટેલ એમ કુલ ચાર મહિલાઓ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મંદિર પાસે પ્રસાદ વેચતા બિન હિન્દુઓને મારો..., પૂર્વ ભાજપ સાંસદ સાધ્વી પ્રજ્ઞાનું વિવાદિત નિવેદન



ભાજપના પૂર્વ સાંસદ પ્રજ્ઞા ઠાકુરનું એક નિવેદન હાલમાં ખૂબ જ ચર્ચામાં છે. તેમણે વિશ્વ હિન્દુ પરિષદના એક કાર્યક્રમમાં મંદિરો પાસે પ્રસાદ વેચનારાઓ પર નજર રાખવા વિશે કહ્યું છે. તેમણે કહ્યું કે, જો કોઈ બિન હિન્દુ પ્રસાદ વેચતો જોવા મળે તો તેને જેટલો મારી શકાય તેટલો મારો, મારપીટ કર્યા પછી તેને સરકારને સોપી દો.ભોપાલના પૂર્વ ભાજપ સાંસદ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુરે રવિવારે એક નિવેદન આપીને વિવાદ ઉભો કર્યો હતો. તેમણે ભોપાલમાં વિશ્વ હિન્દુ પરિષદ (ફઉઁ) ના એક કાર્યક્રમમાં હિન્દુ શ્રદ્ધાળુઓને જૂથ બનાવીને તપાસ કરવા વિનંતી કરતાં કહ્યું કે, મંદિરોની આસપાસ કોણ પ્રસાદ વેચી રહ્યું છે તેની તપાસ કરો અને જો પ્રસાદ વેચનાર હિન્દુ ન હોય તો, તેની સામે કાર્યવાહી કરો.પ્રજ્ઞા ઠાકુરે કહ્યું, 'જો તમને કોઈ બિન-હિન્દુ પ્રસાદ વેચતો જોવા મળે તો તેને શક્ય હોય તેટલો માર મારો, અને પછી તેને સરકારના હવાલે કરી દો. તેમજ ભક્તોએ બિન-હિન્દુ વિક્રેતાઓ પાસેથી પ્રસાદ લેવાનો ઈનકાર કરવો જોઈએ અને તેઓને વેચવા કે મંદિરમાં પ્રવેશવા માટે મંજૂરી ન આપવી જોઈએ.વધુમાં તેમણે ઘરોને હથિયારબંધ કરવાની વાત કરતાં કહ્યું કે, 'હા, મેં કહ્યું હતું કે તમારે તમારા ઘરોમાં હથિયારો રાખવા જોઈએ. મેં આગ્રહ કર્યો હતો કે, હથિયારો ધારદાર રાખવા જોઈએ જેથી પરિવારો પોતાનું રક્ષણ કરી શકે. જો કોઈ દુશ્મન તમારા દરવાજો ઓળંગે, તો તેના બે ટુકડા કરી દો.'તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે આપણી દીકરીઓ અને બહેનોને ઘરમાંથી અપહરણ કરવામાં આવે છે, તેમના શરીરના ટુકડે-ટુકડા કરીને રસ્તા પર ફેકી દેવામાં આવે છે, ત્યારે આપણને ખૂબ જ દુઃખ થાય છે. આ પીડાને દૂર કરવા માટે જ્યારે પણ કોઈ દુશ્મન તમારા ઉંબરાને પાર કરવાની કોશિષ કરે ત્યારે તમારે તેના બે ટૂકડા કરી દેવા જોઈએ. દુર્ગાવાહિનીનું મિશન દરેક ઘરમાં દુર્ગા બનાવવાનું છે. તે દરેક ઘરમાં હથિયારો રાખવાનું શસ્ત્રો રાખવાનું આહ્વાન કરવાનું છે. અમે દરેક ઘરમાં નિયમો અને કાયદાઓનું પાલન કરીએ છીએ, કારણ કે આ દેશ આપણો છે.

# મિડલ ક્લાસને સરપ્રાઈઝ આપશે RBI વ્યાજદર મુદ્દે ત્રણ દિવસીય બેઠક શરૂ

આજથી શરૂ થઈ ગઈ છે. આ બેઠકમાં આરબીઆઈ રેપો રેટમાં સુધારા સહિત અનેક નાણાકીય મુદ્દાઓ પર નિર્ણય જાહેર કરશે. આ જાહેરાત ૧ ઓક્ટોબરના રોજ થશે. અગાઉ ગત એમપીસી બેઠકમાં રેપો રેટમાં ૫.૫૦ ટકા પર જાળવી રાખ્યો હતો.આ વખતે રેપો રેટ મુદ્દે નિષ્ણાતો બે મત છે. અમુક નિષ્ણાતોનું માનવું છે કે, અમેરિકા ટેરિફ અને મોંઘવારીના નીચા દરને ધ્યાનમાં રાખતાં રેપો રેટ યથાવત રાખી શકે છે. જ્યારે અમુકે વ્યાજના દરોમાં ઘટાડાની શક્યતા દર્શાવી છે. હાલ રેપો રેટ ૫.૫૦ ટકા છે. આ વર્ષની શરૂઆતથી અત્યારસુધી આરબીઆઈએ તેમાં ૧ ટકાનો ઘટાડો કર્યો છે. જેમાં ફેબ્રુઆરીમાં ૦.૨૫ ટકા, એપ્રિલમાં ૦.૨૫ ટકા, અને જૂનમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો હતો.આઈડીએફસી ફર્સ્ટ બેન્કના રિપોર્ટ અનુસાર, આરબીઆઈ દ્વારા રેપો રેટ યથાવત રાખવાની અપેક્ષા છે. જેની પાછળનું કારણ ફુગાવામાં ઘટાડો તેમજ જીએસટીમાં સુધારાથી માગ પર સકારાત્મક અસર છે. નાણાકીય વર્ષના પ્રથમ છ માસમાં અપેક્ષા કરતાં વધુ જીડીપી ગ્રોથ નોંધાયો છે. જ્યારે એસબીઆઈ રિપોર્ટ અનુસાર, ભારત-અમેરિકા વેપાર મંત્રણાની અટકી પડેલી વાતો વચ્ચે જીએસટી સુધારાએ માગ અને વપરાશને વેગ આપ્યો છે. જીએસટીમાં સુધારાથી ફુગાવો ૨૦૦૪ બાદ તેના ઐતિહાસિક તળિયે નોંધાવાની શક્યતા છે.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટી કરતાં પણ ત્રણ ગણો ઊંચો છે ચીનનો આ પુલ! ૨ કલાકની મુસાફરી હવે માત્ર ૨ મિનિટમાં

ચીનમાં આધુનિક અન્જિનિયરિંગના એક અદ્ભુત ચમત્કારે જન્મ લીધો છે, અને એ છે દુનિયાના સૌથી ઊંચા પુલનું નિર્માણ. ગુઇઝોઉ પ્રાંતમાં બેઈપન નદીની ખીણમાં ૬૨૫ મીટરની ઊંચાઈએ એક ભવ્ય પુલ નિર્માણ કરાયો છે. જેના કારણે મુસાફરીના સમયમાં ક્રાંતિકારી ફેરફાર આવ્યો છે. જે અંતર કાપતાં પહેલાં બે કલાકનો સમય લાગતો, એમાં હવે માત્ર બે મિનિટ લાગે છે!આ પુલનું સત્તાવાર નામ 'હુઆજિયાંગ ગ્રાન્ડ કેન્યોન બ્રિજ' છે, જેને ૨૮ સપ્ટેમ્બરના દિવસે સામાન્ય લોકો માટે ખુલ્લો મૂકાયો છે. ચીનના અત્યંત દુર્ગમ અને પર્વતીય પ્રદેશમાં આ પુલ બનતા હવે અહીંનો વાહનવ્યવહાર ઝડપી અને સુગમ બની ગયો છે. અગાઉ બે કલાક લાગતાં એ અંતર પાર કરવામાં હવે ફક્ત બે મિનિટ લાગે છે.આ પુલની કુલ લંબાઈ ૨,૯૦૦ મીટર છે. એનો મુખ્ય સ્પાન ૧,૪૨૦ મીટરનો છે અને તે ખીણના તળિયેથી ૬૨૫ મીટર ઊંચાઈએ આવેલો છે. પુલના બાંધકામ દરમિયાન 'મોટા પાયે કોંક્રિટ રેડવાની પ્રક્રિયા દરમિયાન તાપમાન નિયંત્રણમાં રાખવામાં', 'ઢોળાવવાળી ખીણના ઢાળ સાથે કામ પાર પાડવામાં' અને 'તીવ્ર પવનની અસરને ન્યૂનતમ કરવા' જેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

અનેક ભૌગોલિક અને કુદરતી પડકાર છતાં નક્કી કરેલા સમયગાળા કરતાં પણ વહેલાં આ પ્રોજેક્ટ પૂરો કરી દેવાયો છે. ઉલ્લેખનીય છે કે, વિશ્વના ટોપ ૧૦ સૌથી ઊંચા બ્રિજ પૈકી આઠ તો ચીનમાં જ છે, અને તે બધા જ ગુઇઝોઉ પ્રાંતમાં સ્થિત છે. આ પુલ એન્જિનિયરિંગ ક્ષેત્રે ચીને કેવી હરણફાળ ભરી છે, એની સાબિતી આપે છે.ગયા મહિને જ આ પુલની મજબૂતાઈની ચકાસણી કરવા માટે કડક પરીક્ષણ કરાયું હતું. ઈજનેરોએ પુલ પર ભારે ટ્રાફિકની પરિસ્થિતિનું સર્જન કરવા માટે ૯૬ વજનદાર ટ્રકોને પુલ પર દોડાવી હતી અને વ્યૂહાત્મક સ્થાનોએ પાર્ક કરી હતી. પુલના મુખ્ય ભાગ, સ્તંભો, કેબલ્સ અને અન્ય પુર્જામાં થતા કોઈપણ સૂક્ષ્મ ફેરફારને જાણવા માટે ૪૦૦થી વધુ સેન્સર લગાવાયા હતા, જેથી જેથી તેની માળખાકીય મજબૂતાઈ અને સલામતીની પૂરેપૂરી ખાતરી કરી શકાય.હુઆજિયાંગ ગ્રાન્ડ કેન્યોન બ્રિજ માત્ર પરિવહનનો ઝડપી માર્ગ ન બની રહેતા, એક પ્રવાસન સ્થળ પણ બની ગયો છે. તેમાં ૨૦૭ મીટરની ઊંચાઈ સુધી જઈ શકતી સાઇટ સીઈંગ એલિવેટર, સ્કાય કાફે અને વ્યુઇંગ પ્લેટફોર્મ પણ છે.

# ગોધરામાં ગરબા રમી પરત ફરતા પરિવાર પર હુમલોઃ ૬ અસામાજિક તત્ત્વો સામે નોંધાઈ ફરિયાદ

ગોધરાના મોતીબાગ પાર્ટી પ્લોટ ખાતેના 'રમઝટ ગરબા મહોત્સવ'માંથી ગરબા રમીને પરત ફરી રહેલા એક પરિવાર પર ૬ અસામાજિક તત્વોએ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં દીકરીના પિતા અને પિતરાઈ ભાઈને ગંભીર ઈજાઓ થઈ છે. આ ઘટના મોતીબાગ પાર્ટી પ્લોટના સેન્ટ આર્નોલ્ડ સ્કૂલમાં બનાવેલા પાર્કિંગ વિસ્તારની બહાર બની હતી. પોલીસે આ મામલે ૬ અસામાજિક ઈસમો સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, એક્ટિવા પર સવાર પિતા-પુત્રી પાર્કિંગની બહાર જઈ રહ્યા હતા, ત્યારે દીકરીના કપડા એક કારના આગળના ટાયરમાં ફસાઈ ગયા હતા. જેથી દીકરીના પિતાએ કારચાલકને કાર થોડી પાછળ લેવા માટે વિનંતી કરી હતી. પરંતુ કારચાલકે કાર પાછળ લેવાની જગ્યાએ ઉશ્કેરાઈને ઝઘડો શરૂ કર્યો અને કાર દીકરી ઉપર ચડાવી દેવાની ધમકી આપી હતી. કારમાં સવાર અન્ય એક વ્યક્તિએ પોતે પોલીસ ઈન્સ્પેક્ટરનો પુત્ર હોવાનું કહીને પિતા પર હુમલો કર્યો. આ જોઈને કારમાં સવાર અન્ય ચાર ઈસમો પણ બહાર આવ્યા અને છ જેટલા અસામાજિક તત્ત્વોએ પિતા અને તેમની સાથે રહેલા પિતરાઈ ભાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી..

# વેપાર કરારમાં અમેરિકન મકાઈની આયાત કરવા ભારત દ્વારા ચકાસાતી શકયતા

અમેરિકા સાથેના દ્વીપક્ષી વેપાર કરારના ભાગરૂપ ભારત અમેરિકા પાસેથી મકાઈની ખરીદી કરવાની શકયતા તપાસી રહ્યું છે સાથોસાથ ઊર્જા આયાત વધારવા અંગે પણ વિચારણા થઈ રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. દેશમાં મકાઈમાંથી ઈથેનોલનું ઉત્પાદન વધારવા અમેરિકા ખાતેથી મકાઈની આયાત શરૂ કરવાની શકયતા તપાસાઈ રહી છે. અમેરિકા સાથે ચાલી રહેલી દ્વીપક્ષી વેપાર વાટાઘાટમાં ભારત તરફથી અમેરિકા પર ૨૫ ટકા વધારાની ટેરિફ પાછી ખેંચવા માટે પણ દબાણ કરવામાં આવી રહ્યું છે. અમેરિકા સોયાબીન તથા મકાઈ બન્નેની ખરીદી કરવા ભારતને આગ્રહ કરી રહ્યું છે, પરંતુ ઘરઆંગણેના ખેડૂતોના હિતોનું ધ્યાન રાખવા અને દેશમાં જિનેટિકલી મોડીફાઈડ (જીએમ) કૃષિ પાકને આવતો રોકવા ભારત સરકાર કટિબદ્ધ છે. ઓગસ્ટમાં અમેરિકા ખાતે ભારતની નિકાસનો આંક ૬.૮૬ અબજ ડોલર રહ્યો હતો જ્યારે આયાત ૩.૬૦ અબજ ડોલર રહી હતી.ભારત તથા અમેરિકા બન્ને દ્વીપક્ષી વેપાર કરાર જલદીથી કરવા તત્પર છે. તાજેતરની અમેરિકા ખાતેની મુલાકાત વેળાએ ત્યાંના સરકારી અધિકારીઓ તરફથી પોઝિટિવ પ્રતિસાદ સાંપડયો હોવાનું ભારતના પ્રતિનિધિમંડળમાં સામેલ એક અધિકારીએ જણાવ્યું હતું. ભારતમાં મકાઈનું પ્રતિ હેકટર ઉત્પાદન સરેરાશ ૩.૫૦ ટન રહે છે જે વૈશ્વિક સ્તરે ૬ ટન જેટલુ થાય છે. દેશમાં મકાઈનો વાર્ષિક વપરાશ ૬.૭૦ ટકાના દરે વધી રહ્યો છે જ્યારે ઉત્પાદન વૃદ્ધિનું સ્તર ૫.૮૦ ટકા છે. દેશમાં ઉત્પાદિત થતી મકાઈમાંથી ૫૧ ટકાનો ઉપયોગ પશુઆહાર માટે થાય છે જ્યારે ૧૮ ટકા ઈથેનોલ માટે વપરાય છે. ઈંધણમાં ઈથેનોલના મિશ્રણના ટાર્ગેટમાં વધારા સાથે મકાઈના ઉત્પાદનમાં વધારો થાય તે જરૂરી હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

# રશિયાએ કિવ અને અન્ય પ્રદેશોમાં મોટા પાયે ડ્રોન અને મિસાઇલ હુમલો કર્યો

કિવ,
રવિવારે વહેલી સવારે રશિયાએ કિવ અને યુક્રેનના અન્ય ભાગોમાં મોટી સંખ્યામાં ડ્રોન અને મિસાઈલો છોડ્યા, જેમાં ઓછામાં ઓછા ચાર લોકો માર્યા ગયા અને ડઝનેક ઘાયલ થયા, જે પૂર્ણ-સ્તરીય યુદ્ધ શરૂ થયા પછી રાજધાની પરના સૌથી સતત હુમલાઓમાંનો એક છે.

પડોશી પોલેન્ડે બે દક્ષિણપૂર્વીય શહેરો નજીક તેનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું અને તેની વાયુસેનાએ ભય ટળી જાય ત્યાં સુધી જવાબમાં જેટ ઉડાવ્યા.

યુક્રેનની સેનાએ જણાવ્યું હતું કે રશિયાએ રાતોરાત ૫૯૫ ડ્રોન અને ૪૮ મિસાઈલો છોડ્યા અને તેના હવાઈ સંરક્ષણ દળોએ ૫૬૮ ડ્રોન અને ૪૩ મિસાઈલો તોડી પાડી. તેણે નોંધ્યું હતું કે હુમલાનું મુખ્ય લક્ષ્ય રાજધાની કિવ હતું.

રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે ૧૨ કલાકથી વધુ સમય ચાલેલા આ હુમલામાં કાર્ડિયોલોજી ક્લિનિક, ફેક્ટરીઓ અને રહેણાંક ઈમારતોને નુકસાન થયું હતું.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે રવિવારે જણાવ્યું હતું કે તેણે એરફિલ્ડ સહિત લશ્કરી માળખાને નિશાન બનાવવા માટે લાંબા અંતરના હવાઈ અને સમુદ્ર આધારિત શસ્ત્રો અને ડ્રોનનો ઉપયોગ કરીને યુક્રેન પર "મોટા" હુમલો કર્યો હતો.

મોસ્કોએ યુક્રેન સામેના તેના યુદ્ધમાં નાગરિકોને નિશાન બનાવવાનો ઈનકાર કર્યો છે, જોકે તેના હુમલાઓથી હજારો લોકો માર્યા ગયા છે અને રહેણાંક વિસ્તારોને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે.ઝેલેન્સ્કી આંતરરાષ્ટ્રીય ભાગીદારોને કાર્યવાહી કરવા વિનંતી કરે છે

ઝેલેન્સ્કીએ ફરીથી આંતરરાષ્ટ્રીય સમુદાયને રશિયાના આક્રમણને ભંડોળ પૂરું પાડતી ઉર્જા આવકને કાપવા માટે નિર્ણાયક રીતે કાર્ય કરવા વિનંતી કરી. યુક્રેન અત્યાર સુધી યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મોસ્કો પર દંડાત્મક પ્રતિબંધો લાદવા માટે મનાવવામાં નિષ્ફળ ગયું છે.

નિર્ણાયક પગલાં લેવાનો સમય લાંબા સમયથી બાકી છે, અને અમે યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ, ૭૭ અને ૭૨૦ તરફથી મજબૂત પ્રતિભાવ પર વિશ્વાસ રાખીએ છીએ,'' તેમણે ટેલિગ્રામ મેસેજિંગ એપ્લિકેશન પર કહ્યું.

કિવ મોટા વિસ્ફોટો, ઉપર ઉડતા ડ્રોન અને હવાઈ સંરક્ષણના અવાજોથી જાગી ગયું. હવાઈ હુમલાની ચેતવણી સવારે ૦૯:૧૩ વાગ્યે (૦૬૧૩ ય્સ્) સમાપ્ત થતાં, હવાઈ હુમલાની ચેતવણી શરૂ થયાના લગભગ સાત કલાક પછી, સવારે ૯:૧૩ વાગ્યે (૦૬૧૩ ય્સ્) સમાપ્ત થતાં હડતાલના સ્થળોમાંથી એકમાંથી ધુમાડો સવારના આકાશમાં ફેલાયો.

પત્રકારોએ કિવના ઉપનગરોમાં એક વિસ્તારની મુલાકાત લીધી, જ્યાં નવા બનેલા ઘરોની હરોળ લગભગ સંપૂર્ણપણે નાશ પામી હતી, અને પાર્ક કરેલી કાર કાટમાળથી સપાટ થઈ ગઈ હતી.

વિસ્ફોટના જોરથી રહેવાસીઓ એક એપાર્ટમેન્ટ બ્લોકના કાટમાળમાંથી બહાર નીકળ્યા પછી તેમની બારીઓ ઉડી ગઈ.

કેટલાક લોકો ભૂગર્ભમાં મેટ્રો સ્ટેશનો તરફ દોડી ગયા, જ્યાંથી તેઓ તેમના મોબાઈલ ફોન પર ઘટનાઓને અનુસરતા હતા.

મોટા પાયે હુમલાઓ દ્વારા યુક્રેનના સંરક્ષણને વિસ્તૃત કરવામાં આવ્યું

આટલા મોટા પાયે હુમલાઓએ ૨૦૨૫ દરમિયાન યુક્રેનના મર્યાદિત હવાઈ સંરક્ષણને ખેંચી કાઢ્યું છે. ઝેલેન્સકીએ કહ્યું, ઈઝરાયલથી પેટ્રિઅટ મિસાઈલ સિસ્ટમ તૈનાત કરવામાં આવી હતી અને તેમને આ પાનખરમાં વધુ બે આવવાની અપેક્ષા હતી.

તેમણે અને અન્ય અધિકારીઓએ યુક્રેનના આકાશને સુરક્ષિત રાખવા માટે આંતરરાષ્ટ્રીય ભાગીદારો પાસેથી વધુ માંગણી કરી છે, પરંતુ હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ ઉપલબ્ધતામાં મર્યાદિત છે અને અન્ય રાષ્ટ્રો રશિયા તરફથી દેખીતા જોખમો વચ્ચે તેમના સંરક્ષણને મજબૂત બનાવવા આતુર છે.

ઝેલેન્સકીએ કહ્યું કે રવિવારના હુમલામાં દક્ષિણ શહેર ઝાપોરિઝ્ઝિયા સહિત અનેક પ્રદેશોને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા, જ્યાં અધિકારીઓએ જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ૧૬ લોકો ઘાયલ થયા હતા.

કટોકટી સેવાઓએ જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ચાર લોકો માર્યા ગયા હતા, જ્યારે સ્થાનિક અધિકારીઓ દ્વારા દેશભરમાં ૬૭ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.કિવના લશ્કરી વહીવટના વડા, ટાયમુર ટકાચેક્રોએ ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે, મૃત્યુ પામેલાઓમાં એક ૧૨ વર્ષની છોકરીનો પણ સમાવેશ થાય છે, જોકે તેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

# રશિયાએ ક્રેમલિન અધિકારીઓને ઝેલેન્સકીની 'બોમ્બ આશ્રય' ધમકીઓને ફગાવી દીધી

મોસ્કો,
ક્રેમલિને રવિવારે યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીની ધમકીઓને ફગાવી દીધી હતી કે ક્રેમલિનના અધિકારીઓને ખબર હોવી જોઈએ કે બોમ્બ આશ્રયસ્થાનો ક્યાં છે, અને કહ્યું હતું કે યુક્રેન યુદ્ધ હારી રહ્યું છે અને તેની વાટાઘાટોની સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે.

ઝેલેન્સકીએ એક્સિઓસને સૂચન કર્યું હતું કે ક્રેમલિન જેવા રશિયન શક્તિના કેન્દ્રો સંભવિત લક્ષ્યો છે, અને કહ્યું હતું કે ક્રેમલિનના અધિકારીઓને "બોમ્બ આશ્રયસ્થાનો ક્યાં છે તે જાણવું જોઈએ."

"ઝેલેન્સકી યુરોપિયનોને, જેઓ હવે રોટી કમાવનારા તરીકે કામ કરે છે, તે દર્શાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે તે એક બહાદુર સૈનિક છે," ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે રાજ્ય ટેલિવિઝનને જણાવ્યું હતું."દરમિયાન, મોરચા પરની સ્થિતિ તેનાથી વિપરીત સૂચવે છે. દરેક પસાર થતા દિવસ સાથે, યુક્રેન માટે પરિસ્થિતિ અનિવાર્યપણે બગડી રહી છે. અને દરરોજ યુક્રેનની વાટાઘાટોની સ્થિતિ અનિવાર્યપણે બગડી રહી છે."

યુક્રેન તરફી ડીપસ્ટેટ મેપ પ્રોજેક્ટ અનુસાર, રશિયા ૧૧૪,૯૧૮ ચોરસ કિમી (૪૪,૩૭૦ ચોરસ માઈલ) અથવા યુક્રેનનો લગભગ ૧૯% હિસ્સો ધરાવે છે અને ગયા વર્ષે તેણે ૪,૭૨૯ ચોરસ કિમી યુક્રેનિયન પ્રદેશ કબજે કર્યો છે.

રાજ્ય ટેલિવિઝનના ક્રેમલિન સંવાદદાતા પાવેલ ઝરુબિન દ્વારા સીધા પૂછવામાં આવ્યું કે ક્રેમલિન રશિયન શક્તિના કેન્દ્ર પર હુમલાને કેવી રીતે જોશે, ત્યારે પેસ્કોવે કહ્યું કે "તેના વિશે વાત ન કરવી તે વધુ સારું છે."મે ૨૦૨૩ માં, રશિયાએ યુક્રેન પર ડ્રોનથી ક્રેમલિન પર હુમલો કરવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો. હુમલા સમયે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ક્રેમલિનમાં નહોતા.

# એર અરેબિયાની ૧૦ લાખ સીટ માટે અર્લી બર્ડ પ્રમોશનલ ઓફર, રૂપિયા ૬,૦૩૮થી શરૂ




મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકામાં અગ્રણી બજેટ કેરિયર એર અરેબિયાએ ૧૦ લાખ સીટનું 'સુપર સીટ સેલ' શરૂ કર્યું છે. આ એક અર્લી બર્ડ પ્રમોશનલ ઓફર છે. આ ઓફર હેઠળ ભારતથી યુએઈ (શારજાહ, અબુ ધાબી અને રાસ અલ ખૈમાહ)ના ત્રણ એરપોર્ટ તેમજ યુરોપમાં મ્યુનિક, પ્રાગ, મિલાન, વિયેના, વોર્સો, એથેન્સ, મોસ્કો, બાકુ, તિબિલિસી, નૈરોબી, કૈરો સહિતના અનેક સ્થળે નોન-સ્ટોપ ફ્લાઈટ્સ સામેલ છે. તેમાં એકતરફી ભાડું રૂ. ૬,૦૩૮થી શરૂ થાય છે.

આ ઓફર ૨૯ સપ્ટેમ્બરથી ૧૨ ઓક્ટોબર ૨૦૨૫ સુધી ઉપલબ્ધ છે, જ્યારે તમામ સીટ્સ માટે મુસાફરીનો સમય ૧૭ ફેબ્રુઆરીથી ૨૪ ઓક્ટોબર ૨૦૨૬ સુધી છે. આ ઉપરાંત રૂ. ૬૦૩૮માં મુંબઈ, દિલ્હી, અમદાવાદ, બેંગલુરુ, હૈદરાબાદ, ચેન્નાઈ, કોલકાતા, જયપુર, નાગપુર, ગોવા, તિરુવનંતપુરમ, કોચી, કોઈમ્બતુર અને કોઝિકોડથી શારજાહ, અબુ ધાબી અને યુએઈમાં રાસ અલ ખૈમાહ અને તેનાથી આગળની નોન-સ્ટોપ ફ્લાઈટ્સ પણ ઉપલબ્ધ છે.

યુએઈ, મોરોક્કો અને ઈજિપ્ત સ્થિત તેના પાંચ વ્યૂહાત્મક કેન્દ્રોમાંથી ૨૦૦થી વધુ રૂટનું સંચાલન કરતી એર અરેબિયા ઉડ્ડયન ઉદ્યોગમાં અગ્રણી ખેલાડી તરીકે મજબૂત સ્થાન ધરાવે છે. એર અરેબિયા મુસાફરોને આરામ, વિશ્વસનિયતા અને ઉચ્ચ મૂલ્યો પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. એર અરેબિયા એક એવોર્ડ વિજેતા એરલાઈન છે, જે મુસાફરીના અનન્ય અનુભવો પ્રદાન કરવા સમર્પિત છે.

# વિઝા રદ થતા કોલંબિયાના રાષ્ટ્રપતિ પેટ્રોએ અમેરિકા પર આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો

બોગોટા,
કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રોએ તેમના વિઝા રદ કરવાના યુએસના નિર્ણયને ફગાવી દીધો છે અને ગાઝામાં ઈઝરાયલના યુદ્ધની ટીકા કરવા બદલ વોશિંગ્ટન પર આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે.

યુએસએ શુક્રવારે કહ્યું કે તે પેટ્રોના વિઝા રદ કરશે કારણ કે તે શુક્રવારે પેલેસ્ટિનિયન તરફી પ્રદર્શનમાં જોડાવા માટે ન્યૂયોર્કના રસ્તાઓ પર ઉતર્યો હતો અને યુએસ સૈનિકોને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશોનું પાલન કરવા વિનંતી કરી હતી.

"મારી પાસે હવે યુનાઈટેડ સ્ટેટ્સની મુસાફરી માટે વિઝા નથી. મને કોઈ વાંધો નથી. મને વિઝાની જરૂર નથી ... કારણ કે હું ફક્ત કોલંબિયાનો નાગરિક જ નથી પણ યુરોપિયન નાગરિક છું, અને હું ખરેખર મારી જાતને વિશ્વમાં એક સ્વતંત્ર વ્યક્તિ માનું છું," પેટ્રોએ સોશિયલ મીડિયા પર કહ્યું."નરસંહારની નિંદા કરવા બદલ તેને રદ કરવું એ દર્શાવે છે કે યુએસ હવે આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરતું નથી," તેમણે ઠ પર એક પોસ્ટમાં ઉમેર્યું.

ઈઝરાયલે ગાઝામાં તેની કાર્યવાહી પર નરસંહારના આરોપોને વારંવાર નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે તે સ્વ-બચાવમાં કાર્ય કરી રહ્યું છે.

બાળકો સહિત ભૂખે મરતા પેલેસ્ટિનિયનોની છબીઓએ ગાઝા પર ઈઝરાયલના હુમલા સામે વૈશ્વિક આક્રોશ ફેલાવ્યો છે, જેમાં ગાઝાના અધિકારીઓના જણાવ્યા અનુસાર ૬૫,૦૦૦ લોકો માર્યા ગયા છે અને સમગ્ર વિસ્તારની વસ્તીને આંતરિક રીતે વિસ્થાપિત કરી દીધી છે. અનેક અધિકાર નિષ્ણાતો, વિદ્વાનો અને યુએન તપાસ કહે છે કે આ નરસંહાર સમાન છે.

ઓક્ટોબર ૨૦૨૩ માં હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલામાં ૧,૨૦૦ લોકો માર્યા ગયા હતા અને જેમાં ૨૫૦ થી વધુ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા, ત્યારબાદ ઈઝરાયલ તેના પગલાંને સ્વ-બચાવ કહે છે.

મેનહટનમાં યુએન મુખ્યાલયની બહાર પેલેસ્ટિનિયન સમર્થક પ્રદર્શનકારીઓના ટોળાને સંબોધતા પેટ્રોએ પેલેસ્ટિનિયનોને મુક્ત કરવા માટે પ્રાથમિકતા સાથે વૈશ્વિક સશસ્ત્ર દળની હાકલ કરી અને યુએસ સૈનિકોને વિનંતી કરી કે "લોકો પર બંદૂકો તાકી ન રહે. ટ્રમ્પના આદેશોનો અનાદર કરો. માનવતાના આદેશોનું પાલન કરો."

સ્ટેટ ડિપાર્ટમેન્ટે ઠ પર પોસ્ટ કર્યું કે તે "પેટ્રોના બેદરકાર અને ઉશ્કેરણીજનક કાર્યોને કારણે તેના વિઝા રદ કરશે."

કોલંબિયાના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે રાજદ્વારી હથિયાર તરીકે વિઝા રદ કરવાનો ઉપયોગ યુએનની ભાવનાની વિરુદ્ધ છે, જે અભિવ્યક્તિની સ્વતંત્રતાનું રક્ષણ કરે છે અને યુએનના કાર્યક્રમોમાં સભ્ય દેશોની સ્વતંત્રતાની ખાતરી આપે છે.

"યુએનએ એક સંપૂર્ણપણે તટસ્થ યજમાન દેશ શોધવો જોઈએ ... જે સંગઠનને તે નવા યજમાન રાજ્યના પ્રદેશમાં પ્રવેશવા માટે અધિકૃતતા જારી કરવાની મંજૂરી આપશે," મંત્રાલયે જણાવ્યું હતું.

પેટ્રો કોલંબિયાના પહેલા રાષ્ટ્રપતિ નથી જેમના યુએસ વિઝા રદ કરવામાં આવ્યા છે. ૧૯૯૬ માં, તત્કાલીન રાષ્ટ્રપતિ અર્નેસ્ટો સેમ્પરનો વિઝા રાજકીય કૌભાંડને કારણે રદ કરવામાં આવ્યો હતો જેમાં આરોપો હતા કે કેલી ડ્રગ કાર્ટેલે તેમના રાષ્ટ્રપતિ અભિયાનને ભંડોળ પૂરું પાડ્યું હતું

# સરગાસણ ની પ્રમુખ એલિજિયમ સોસાયટી પ્રતિવર્ષ ની જેમ આ વર્ષે પણ એક નવા ઉમંગ સાથે નવરાત્રી નો માહોલ જામ્યો છે






મહંતશ્રી ઈન્દ્રવદનભાઈ ના જણાવ્યા મુજબ પ્રસંગ કોઈપણ હોય રહીશો એક પરિવાર ના ભાવ થી ખૂબ ઉત્સાહથી થી જોડાય છે.એટલુ જ નહીં પણ કોઈપણ પ્રસંગ માટે સોસાયટી માં દાન માંગવું નથી પડતું રહીશો સામેથી આપે છે નવરાત્રી ના પ્રથમ દીવસે છડી,ચામર,છત્ર જ્વારા સાથે માં ને રથારૂઠ કરાવી ઠાઠમાઠ સાથે "માં" વધામણા કર્યા હતા.ત્યાર પછી વિધિવત માતાજી નુ સ્થાપન કરવામાં આવ્યું હતું.તારીખ ૨૭/૯/૨૦૨૫ ના રોજ આયોજીત "શ્રી ગોગા ચેહર મ્યુજીકલ ગૃપ" ના ગરબા માં ફૂલ ટ્રેડીશનલ માં ખૂબ મોટી સંખ્યામાં ખેલૈયાઓ માં ના ગરબે ઘૂમ્યા હતા. નવરાત્રી ના પ્રસંગની પરાકાષ્ઠા એટલે પ્રમુખ એલિજિયમ સોસાયટી, શૃંગાર નો સીમાડો એટલે પ્રમુખ એલિજિયમ સોસાયટી, આરતી નો આર્તનાદ એટલે પ્રમુખ એલિજિયમ સોસાયટી, ગરબા ની જમાવટ એટલે પ્રમુખ એલિજિયમ સોસાયટી, પરિવાર નો ભાવ એટલે પ્રમુખ એલિજિયમ સોસાયટી

# ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં વરસાદ પણ ગરબા રોકી શક્યો નહીં:નિશા ઉપાધ્યાય કાપડિયાના સુરીલા કંઠે ખેલૈયાઓએ મન મૂકીને ગરબા કર્યા














ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પરંપરાગત રીતે માતાજીનું સ્થાપન કરીને નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રાઉન્ડની મધ્યમાં માતાજીની માંડવડીમાં ગરબાનું સ્થાપન પણ કરાયું હતું. વરસાદી વાતાવરણ અને ઝરમર વરસાદ છતાં, ભક્તિભાવપૂર્વક મા જગદંબાની આરતી ઉતારવામાં આવી હતી.આરતી સમયે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ તેમના પરિવારજનો સાથે ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ ધારાસભ્ય શ્રી પૂનમભાઈ મકવાણા, ગાંધીનગર જૈન સમાજના આગેવાનો સી. એમ. શાહ, હેમેન્દ્રભાઈ શાહ અને હિતેન્દ્રભાઈ શાહ સહિત અન્ય પદાધિકારીઓએ પણ આરતી ઉતારી માતાજી કૃપા વરસાવે તેવી પ્રાર્થના કરી હતી.આરતી બાદ કલ્ચરલ ફોરમના ગ્રાઉન્ડમાં ગરબાની રમઝટ જામી હતી. ગુજરાતી સુગમ સંગીતના સુપ્રસિદ્ધ ગાયિકા નિશા ઉપાધ્યાય કાપડિયા ગરબે રમાડવા પધાર્યા હતા. વરસાદના કારણે ઊભી થયેલી મર્યાદાઓ વચ્ચે પણ નિશા ઉપાધ્યાય કાપડિયાએ પોતાના સુરીલા કંઠે ગરબા ગાયા હતા.નવરાત્રીના સાતમા દિવસે સાંજે ગાંધીનગરમાં વરસાદના ઝાપટાં પડતાં ગરબાના ગ્રાઉન્ડમાં પાણી ભરાઈ ગયા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમના સ્વયંસેવકો અને ઉપસ્થિત ખેલૈયાઓ પાણી ઉલેચવાના કામમાં લાગી પડ્યા હતા. જોકે, મોડી સાંજે ફરી એક ઝાપટું પડતાં ગ્રાઉન્ડ ગરબા રમવા લાયક રહ્યું ન હતું.આથી, ખેલૈયાઓએ ફૂડ કોર્ટ વિસ્તારમાં જ ગરબાની મોજ માણી હતી. હજારોની સંખ્યામાં ઉપસ્થિત ખેલૈયાઓએ પ્રકૃતિની પ્રતિકૂળતાથી પરેશાન થયા વિના પ્રસન્નતાપૂર્વક ગરબા કર્યા હતા. મધરાત સુધી ગરબો જામ્યો હતો, અને ત્યારબાદ પરંપરાગત મંડળી ગરબાની રમઝટ રાત્રિના લગભગ બે વાગ્યા સુધી ચાલી હતી.

# શિલ્પ શાલિગ્રામમાં નવરાત્રિ મહોત્સવ ૨૦૨૫ની ઉજવણી





વસ્ત્રાપુરના શિલ્પ શાલિગ્રામમાં નવરાત્રિ મહોત્સવ ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉત્સવમાં દરરોજ માતાજીની આરતી સાથે કાર્યક્રમોનો પ્રારંભ થાય છે. ત્યારબાદ રહેવાસીઓ રંગીન વસ્ત્રોમાં સજ્જ થઈ ગરબા-રાસનો આનંદ માણે છે.આયોજનમાં દરેક બ્લોકના સભ્યો સંકલન અને સહકારથી ભાગ લઈ રહ્યા છે. આ એકતા અને સમર્પણ ઉત્સવને સફળ બનાવી રહ્યું છે, જે શિલ્પ શાલિગ્રામની સંસ્કૃતિ અને સૌહાર્દનું પ્રતિક છે.આ મહોત્સવમાં બાળકો, યુવાનો અને વડીલો સહિત ત્રણેય પેઢીના લોકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો આ ઉત્સવને વધુ યાદગાર બનાવે છે.નવરાત્રિનો આ પર્વ સમાજમાં એકતા, સુમેળ અને આનંદનો સંદેશ ફેલાવે છે. શિલ્પ શાલિગ્રામના રહેવાસીઓ ‘જય માતાજી‘ના ઉલ્લાસ સાથે આ મહોત્સવને સફળ બનાવી રહ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.